# બુટલેગરો દારૂ ઘુસાડવા મરણીયા બન્યા

## શામળાજી પોલીસે ટ્રકમાં ડાંગરના ભૂંસાની આડમાં ભરેલ ૧૦.૨૯ લાખના દારૂ સાથે ૧ને ઝડપ્યો



શામળાજી, તા. ૧૪

લોકડાઉનની સ્થિતિમાં આવશ્યક ચીજવસ્તુઓની આડમાં લાખ્ખો-કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવ્યા બાદ બુટલેગરો વિવિધ વાહનો મારફતે રાજ્યમાં દારૂ ઠાલવી રહ્યા છે. બુટલેગરોમાં વિદેશી દારૂ ઘુસાડવા સિલ્ક રૂટ તરીકે જાણીતી રતનપુર ચેકપોસ્ટ પર શામળાજી પોલીસે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ કરતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. બુટલેગરો નીતનવા નુસ્ખા અપનાવી રાજ્યમાં દારૂ ઠાલવવા મરણીયા બન્યાં છે, શામળાજી પોલીસે બુટલેગરોનો વિદેશી દારૂ ઘુસાડવાનો વધુ એક કિમીયો નિષ્ફળ બનાવી ટ્રકમાંથી ડાંગરના ભૂંસાની આડમાં સંતાડેલ રૂ.૧૦.૨૯ લાખ રૂપિયાનો વિદેશી દારૂ સાથે ટ્રક ચાલક બુટલેગરને દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ગાંધીના ગુજરાતમાં વિદેશી દારૂની રેલમછેલ જોવા મળી રહી છે. રાજ્યમાં દારૂબંધી કહેવા પૂરતી રહી ગઈ હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે.

શામળાજી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીએસઆઈ કે.કે. રાજપુત અને તેમની ટીમે રતનપુર ચેકપોસ્ટ નજીક આવેલા અણસોલ ગામની સીમમાં રાજસ્થાન તરફથી આવતાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રાજસ્થાન બાજુથી ડાંગરનું ભુસુ ભરી આવતા ટ્રક (ગાડી નં. આરજે-૧૯-જીએ-૩૦૩૫)ની શંકાસ્પદ ઝડપ જોઈ પોલીસે અટકાવી તલાસી લેતા ડાંગરનું ભુસુ હટાવતા ટ્રકમા ભરેલી વિદેશી દારૂની પેટી-૨૬૮ કુલ બોટલ નંગ-૩૨૧૬ કીં. રૂ.૧૦૨૯૧૨૦નો જથ્થો જપ્ત કરી ટ્રક, મોબાઈલ-૨ મળી કુલ રૂ.૨૦૩૨૬૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રક ચાલક ઉધરામ હરજીરામ બિશ્નોઈ (રહે. ભાટીપ, ઝાલોર-રાજસ્થાન)ની ધરપકડ કરી ટ્રક ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# મોડાસાના શહેરીજનો થઈ જજો એલર્ટ

## શહેર કોરાનાનું ‘હોટસ્પોટ’થી ‘ડેથપોસ્ટ’ તરફ સરકી રહ્યું છે..!!

મોડાસા, તા. ૧૪

કોરોનાનો કહેરે સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે જેમાં ગતિશીલ ગુજરાતમાં કોરોનાનો મૃત્યુઆંક પણ ગતિશીલ બનતા ગુજરાત રાજ્યનો મૃત્યુ આંક ટોચ પર છે. લોકડાઉન પછી અનલોક ફેઝમાં દરરોજ કોરોના વાયરસના કેસોમાં કૂદકેને ભૂસકે વધારો જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં પણ કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ચિંતાજનકરૂપથી વધારો જોવા મળી રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં વધુ ૬ કોરોના પોઝેટીવ સાથે ૧૫૬ પર આંક પહોંચ્યો છે, મોડાસા શહેરમાં વધુ ૫ કેસ સાથે ૫૭ કોરોના પોઝેટીવ દર્દીઓ અત્યાર સુધી નોંધાઈ ચુક્યા છે જેમાં ૧૧ લોકોને કોરોના ભરખી જતા ડેથરેટ ૨૦ ટકાની આસપાસ પહોંચતા મોતના મામલે મોડાસા શહેર રાજ્યમાં અને જીલ્લામાં જે રીતે આગળ વધુ રહ્યું છે તે જોતા મોતના મામલે આગળ વધી રહ્યું છે. જીલ્લામાં



કોરોનાનું હોટસ્પોટ બનેલા મોડાસા શહેરમાં જે રીતે મૃત્યુ આંક વધી રહ્યો છે તે જોતા શહેર જાણે ડેથસ્પોટ તરફ સરકી રહ્યું હોય તેવો અહેસાસ લોકોને થતા ફફડી ઉઠ્યા છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો વ્યાપ રોજ રોજ વધી રહ્યો છે તે જોતાં મોડાસા શહેરમાં ૫ લોકો અને મોડાસા તાલુકાના લીંભોઇ ગામમાં એક વ્યક્તિનો કોરોના પોઝેટીવ આવતાં જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. મોડાસા શહેરમાં લઘુમતી સમાજની ૫૨ વર્ષીય મહિલાએ કોરોના સામે જંગ હારી જતા મોત નીપજ્યું હતું, મોડાસા શહેરમાં ધીરે ધીરે સમગ્ર શહેરમાં સંક્રમણ ફેલાઈ રહ્યું છે. મોડાસા શહેરમાં લોકલ સંક્રમણ અને કોમ્યુનિટી ટ્રાન્સમીશન તરફ આગળ વધી રહ્યું છે, શહેરમાં લઘુમતી સમાજના લોકોના કોરોનાથી સૌથી વધુ મોત

**૫૭ દર્દીઓમાંથી ૧૧ લોકોને કોરોના ભરખ્યો**

નિપજ્યા છે. મોડાસા શહેરમાં કોરોનાથી મોત સતત થઇ રહ્યા હોવાથી શહેરીજનો ફફડી ઉઠ્યા છે. મોડાસા શહેરની અલ્ફેનસા સોસાયટી, ઝમઝમ સોસાયટી અને ભાવસાર વાડા વિસ્તારની ત્રણ મહિલાઓ, નીલકંઠ સોસાયટીમાં રહેતા આધેડ, ગોવર્ધન ટાઉનશીપ અને લીંભોઇ ગામનો એક એક વ્યક્તિ કોરોનામાં સપડાયા હતા, સતત વધી રહેલ કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા અને મૃત્યુદરથી આરોગ્ય વિભાગ હડકંપ મચ્યો છે. જીલ્લામાં અત્યારસુધી ૧૧૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ રહ્યા છે.

મોડાસા શહેરમાં ઝડપભેર સંક્રમણ વધી રહ્યું છે જયારે બીજીબાજુ અનલોકની જાહેરાત બાદ લોકો કોરોના સામે બેદરકાર જણાઈ રહ્યા છે. શહેરમાં ભારે ભીડ ઉમટી રહી છે સોશ્યલ ડિસ્ટન્સ જળવાતું નથી માસ્ક પણ પહેરતા નથી તેમજ જાહેરમાં થૂંકવાનું પણ ચાલુ રાખતા આગામી સમયમાં મોડાસા શહેરમાં કોરોનાના દર્દીઓમાં ભયાનક વધારો થઇ શકે છે. શહેરમાં વેપારીઓ અને ગ્રાહકો માસ્ક ફક્ત દંડથી બચવા પહેરતા હોય તેવા દ્રશ્યો શહેરમાં સામાન્ય બન્યા છે.

### ઉત્તર-ગુજરાત યુનિવર્સીટીના સીન્ડીકેટ સભ્ય દ્વારા

# પરીક્ષાર્થીઓ માટે વિનામૂલ્યે રહેવા જમવાની વ્યવસ્થા કરવામાં આવી

કોરોના મહામારીના કારણે લોક-ડાઉનની પરિસ્થિતિ સર્જાતા શાળા-કોલેજની વાર્ષિક પરીક્ષાઓ યોજવાની બાકી રહી ગયેલ.જે સંદર્ભે હેમચન્દ્રાચાર્ય ઉત્તર-ગુજરાત યુનિવર્સીટીની વાર્ષિક પરીક્ષા ચાલુ માસમાં ૨૫ જુનથી યુ.જી(અન્ડર ગ્રેજયુએટ) ના સેમેસ્ટર-૬ અને પી.જી(પોસ્ટ ગ્રેજ્યુએટ) માં સેમેસ્ટર-૨ અને ૪ ની પરીક્ષાઓ યુનિવર્સિટી એ યોજવાનું નક્કી કર્યું છે.

વર્તમાન પરીક્ષાઓના સંદર્ભે જયારે વાહન વ્યવહાર સમ્પૂર્ણ પણે કાર્યરત નથી અને સરકારી બસો માં ૬૦% પેસેન્જર બેસવાની વ્યવસ્થા છે ત્યારે,વિદ્યાર્થીઓને પરીક્ષાઓ આપવામાં અગવડતા નાપડે અને વિદ્યાર્થીઓ ભયમુક્ત થઈ પરીક્ષા આપે એ માટે થઈ જે પરીક્ષાર્થીઓ પરીક્ષા કેન્દ્રની નજીક રહીને પરીક્ષા આપવા માંગતા હોય તેમની માટે ઉત્તાર-ગુજરાત યુનિવર્સીટીના સીન્ડીકેટ સભ્ય શ્રી હરેશભાઈ ચૌધરી એ બનાસકાંઠા જીલ્લાના વિદ્યાર્થીઓ માટે દરેક પરીક્ષા કેન્દ્રની નજીક પ્રાઈવેટ તથા હાલમાં શાળાની બંધ પડેલ હોઈ સંસ્થાની હોસ્ટેલોમાં રહેવા જમવાની નીઃશુલ્ક વ્યવસ્થા કરાવડાવી છે.અને જેનું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન મુક્ત ૨૮૪ વિદ્યાર્થીઓ એ રજીસ્ટ્રેશન કરાવ્યા છે.આ તમામ વિદ્યાર્થીઓની રહેવા જમવાની વ્યવસ્થા સદભાવના ગ્રુપ ટ્રસ્ટ તરફથી કરવામાં આવશે.

હર હંમેશા સેવાકીય કાર્યોમાં અગ્રેસર અને નિત નવા સેવાકીય કર્યો કરી યુવાનોને સેવાકીય કાર્યોમાં પ્રેરતા એવા ઉત્તાર-ગુજરાત યુનિવર્સીટીના સીન્ડીકેટ સભ્ય હરેશભાઈ ચૌધરી એ સરકાર તરફથી મળેલ જવાબદારી ને જવાબદારીથી નિભાવતા કોરોનાના કપરા કાળમાં વિદ્યાર્થીઓના વાલી તરીકે ભૂમિકા અદા કરી તેમના રહેવા જમવાની અને ઓછા અપડાઉનમાં માનસિક શાંતિ સાથે પરીક્ષા આપે એ માટે થઈ માનવતાના નાતે એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

## અરવલ્લી વહિવટીતંત્રની સંવેદનશીલતા : બાયડની ૨૮ વિધવાઓને રાશન કિટ અપાઈ




મોડાસા, તા. ૧૪

સમગ્ર રાજયમાં કોરોના વાયરસના કારણે ગરીબ-સામાન્યવર્ગ આર્થિક સંકટના દોરમાંથી પસાર થઈ રહ્યુ છે ત્યારે વહિવટીતંત્રની સંવેદનશીલતા લોકો મુશ્કેલીનું નિવારણ કર્યુ છે. આવું જ અરવલ્લીની બાયડની વિધવા મહિલાઓને સહાયની સાથે રાશનકીટનું પણ વિતરણ કરવામાં આવ્યું છે. અરવલ્લીના બાયડ તાલુકાના લાખેશ્વરી અને હેરાવિસ્તારની સરણીયા, કાંસકીયા, થોરી, દેવીપૂજક અને વાલ્મિકી સહિત સમાજના અન્ય પછાત વર્ગની નિરાધાર વિધવાઓને કોરોનાના કપરા સમયે આર્થિક ઉપાર્જનનું કોઇ સાધન ન રહેતા તંત્ર તેમની વ્હારે આવી ગરીબ મહિલાઓને વિધવા સહાય આપવાની સાથે આ તમામ મહિલાઓને ઘરવપરાશની ચીજવસ્તુઓની રાશનકિટ પણ આપવામાં આવી હતી.

### અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા

# પોલીસ કર્મીની બાઈકને વતનમાં અકસ્માત નડતા કમકમાટીભર્યું મોત



મેઘરજ, તા. ૧૪

લોકડાઉન અનલોક થતાની સાથે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસકર્મી સામાજિક કામકાજ અર્થે મેઘરજ તાલુકાના રાયવાડા (ભાથિપુરા) વતનમાં આવી પરત બાઈક લઈ નોકરી જવા નીકળેલ પોલીસકર્મીની બાઈકને બાંઠીવાડા ગામ નજીક અન્ય બાઈક ટક્કર મારતાં પોલીસકર્મી રોડ પર પટકાતાં શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. પોલીસકર્મીનું અકસ્માતમાં મોત નિપજતાં પરિવારજનો દોડી આવી આક્રંદ કરી મૂક્યું હતું. અકસ્માતની ઘટનાની જાણ મેઘરજ પીઆઈ ભરવાડને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી મૃતક પોલીસકર્મીની લાશને પીએમ માટે દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

અમદાવાદ નારણપુરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને મેઘરજ તાલુકાના રાયવાડા (ભાથિપુરા) ગામના રામાભાઈ લક્ષ્મણ ભાઈ ડામોર નામના પોલીસકર્મી વતનમાં સામાજિક કામકાજ અર્થે આવી રવિવારે ફરજ પર હાજર થવાનું હોવાથી શનિવારે રાત્રે વતનમાંથી બાઈક લઈ અમદાવાદ જવા નીકળ્યા હતા, વતન નજીક બાંઠીવાડા ગામ નજીક પસાર થતા હતા ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલ બાઈક ચાલકે પોલીસકર્મીની બાઈકને ધડાકાભેર ટક્કર મારતા પોલીસકર્મી રોડ પર પટકાતા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. પોલીસકર્મીનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારજનો અને સગા-સંબંધી ઘટનાસ્થળે ઉમટયા હતા. પોલીસકર્મીન મોતથી આઘાતમાં સરી પડ્યા હતા, અકસ્માતની ઘટનાની જાણ થતા મેઘરજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક પોલીસના મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસકર્મીન અકસ્માતમાં મોત નિપજતા સમગ્ર પંથક અને પોલીસબેડામાં શોકની લાગણી છવાઈ હતી. મેઘરજ પોલીસે રાયચંદભાઈ લક્ષ્મણભાઈ ડામોરની ફરિયાદના આધારે અકસ્માત સર્જી ફરાર બાઈક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# દાહોદમાં એક પરિવારની ૪ બાળકીની તળાવમાંથી મૃતદેહ મળી આવ્યા

## ચાર બાળકી ઢોર ચરાવવા માટે ગયા બાદ પરત ન ફરી

દાહોદ, તા. ૧૪

દાહોદના ગરબાડાના ગૂંગરડી ખાતે દુઃખદ બનાવ બન્યો હતો. ચાર બાળકીઓ તળાવમાં ડૂબી જતા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. એક જ કુટુંબની ચાર બાળકીઓ તળાવમાં ડૂબી જવાથી પરિવાર દુખમાં સરી ગયો છે. ચારેય બાળકીઓ મજૂર પરિવારની કાકા-કાકાની બહેનો હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે સાંજે ગરબાડા તાલુકાના ગૂંગરડી ગામના માળ ફળીયાની આ ઘટના બની હતી. એક જ પરિવારની કાકા-કાકાની ચાર દીકરીઓ ઢોર ચરાવવા ગઈ હતી. મોડી સાંજ સુધી બાળકીઓ ઘરે ન આવતા પરિવારજનોએ શોધખોળ આદરી હતી. ત્યારે તળાવ પાસેથી બાળકીઓના કપડા મળી આવ્યા હતા. ત્યારે જાણવા મળ્યું કે, તળાવમા ન્હાવા ગયેલી બાળકીઓના ડૂબીને મોત નિપજ્યાં છે. સ્થાનિક તરવૈયાઓ દ્વારા તળાવમાં શોધખોળ કરાઈ હતી. ૬ કલાકની ભારે જહેમત બાદ મધરાતે ચારેય બાળકીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. એક જ પરિવારની ૮ વર્ષ, ૯ વર્ષ, ૧૧ વર્ષ અને ૧૨ વર્ષની એમ ચાર બાળકી મૃત્યુ પામતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતુ. તો આ ઘટના બાદ ગૂંગરડી ગામમાં ગમગીનીનો માહોલ છવાયો હતો.

## દિવાળીબેન નાથાભાઈ હાઈસ્કૂલનું ગૌરવ



હિંમતનગર, તા. ૧૪

માર્ચ-૨૦૨૦માં લેવાયેલ એસએસસીની પરીક્ષામાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાની લિમ્બચીયા દિવાળીબેન નાથાભાઈ હાઈસ્કૂલ જામળાએ શાળાનું ૭૨.૨૨ ટકા પરિણામ લાવી જામળા ગામનું ગૌરવ વધાર્યુ છે. અને ઝાલા અનામિકાબા રાજેન્દ્રસિંહ (પીઆર-૯૭.૫૦), સુથાર જુલી જગદીશભાઈ (પીઆર-૯૭.૪૩), પઢિયાર હર્ષરાજસિંહ અજીતસિંહ (પીઆર-૯૧.૬૪) ટોપ-૩ માં આવ્યા છે. તેઓએ શાળા તથા ગામનુ ગૌરવ વધાર્યુ છે તે બદલ શાળા પરિવાર અને કેળવણી મંડળ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# ઉત્તર ગુજરાતમાં કોરોનાનો મૃત્યુઆંક ૪૯

મહેસાણા,તા.૧૪

ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમણના વધી રહેલા પ્રકોપ વચ્ચે પાટણ જિલ્લામાં વધુ એક ૭૨ વર્ષિય વૃદ્ધાના મોત સાથે કુલ મોતનો આંક અડધી સદી નજીક એટલે કે ૪૯ થયો છે. તો શનિવારે ઉત્તર ગુજરાતમાં વધુ ૧૩ લોકો કોરોના સંક્રમિતોની યાદીમાં ઉમેરાયા હતા. જેમાં મહેસાણા જિલ્લામાં ૫, અરવલ્લીમાં પણ ૫ અને પાટણમાં ૩ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા હતા. જે સાથે ઉત્તર ગુજરાતમાં કોરોના સંક્રમિતોની સંખ્યા પણ ૭૦૮ થઈ છે. મહેસાણા શહેરની એક યુવતી સહિત જિલ્લામાં શનિવારે વધુ પાંચ કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં કુલ સંખ્યા ૧૭૮ થઈ છે, જેમાંથી ૧૨૦ કોરોનામુક્ત થયાં છે. મહેસાણાના ટીબી રોડ-આદીનાથ ફ્લેટની ૨૦ વર્ષિય યુવતી, કડીના આંગણનાથ રોડ પર રહેતાં ૪૫ વર્ષિય મહિલા, કડીની નંદલાલની ચાલીના ૬૬ વર્ષિય પુરૂષ, કડી તાલુકાના રાજપુરના ૫૫ વર્ષિય પુરૂષ અને મહેસાણાના મેઉં ગામનો ૨૯ વર્ષનો યુવાન કોરોનાગ્રસ્ત થયો છે.

અરવલ્લી જિલ્લામાં શનિવારે વધુ પાંચ કેસ નોંધાવા સાથે કુલ પોઝિટિવ કેસનો આંકડો ૧૪૭ થયો છે. શનિવારે મોડાસા તાલુકાના અમરતપુરા (ખંભીસર)માં ૬૩ વર્ષના પુરુષ, મોડાસાના માલપુર રોડ પર નિત્યદર્શન ફ્લેટમાં રહેતા ૫૦ વર્ષિય પુરુષ, મોડાસાની રસુલાબાદ સોસાયટીના ૫૩ વર્ષિય પુરુષ, મોડાસાની ખટવાલ ફળી (કસ્બા વિસ્તાર)ના ૫૦ વર્ષિય પુરુષ અને બાયડની ઉમિયા રેસીડેન્સીમાં રહેતા ૬૫ વર્ષિય પુરુષનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો.

પાટણ જિલ્લામાં ધારપુર હોસ્પિટલમાં સારવાર લઈ રહેલાં કોરોનાગ્રસ્ત ૭૨ વર્ષિય વૃદ્ધાનું સારવાર દરમિયાન શનિવારે મોત થતાં કુલ મૃતકોની સંખ્યા ૧૧ થઈ છે. જ્યારે પાટણ શહેરની ગજાનંદ સોસાયટીમાં રહેતા ૪૪ વર્ષિય પુરુષ, ટેલિફોન એક્સચેન્જ રોડ પર ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા ૬૬ વર્ષિય પુરુષ તેમજ સુભાષ ચોક નજીક પંચોલી પાડામાં રહેતા ૫૭ વર્ષના પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવતાં કુલ દર્દીઓની સંખ્યા ૧૧૦ થઈ છે. તો ૭૭ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

### અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે

# કોરોનાગ્રસ્ત દર્દીઓ હિંમતનગર ખસેડવા પડે છે

અરવલ્લી જીલ્લાના પ્રજાજનોની આરોગ્યલક્ષી સેવાઓ માટે પાંચ વર્ષથી અટવાયેલ પ્રશ્ન હલ થતા હોસ્પિટલ માટે વર્ષ-૨૦૧૮ માં રૂ. ૪૫ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી હતી. નવરચિત અરવલ્લી જિલ્લામાં રૂ.૪૫ કરોડના ખર્ચે ૧૫૦ બેડ વાળી નવીન સીવીલ હોસ્પીટલ માટે જે તે સમયે જિલ્લા કલેકટર એમ. નાગરાજને પ્રજાલક્ષી નિર્ણય લઈ તાત્કાલિક બાજકોટ સીમની ૨૦ એકર જમીન ફાળવણીનો હુકમ તા.૨૪-૮-૨૦૧૮ ના રોજ કર્યો હતો અને દોઢ વર્ષના સમયગાળામાં ૧૫૦ બેડની અદ્યતન સિવિલ હોસ્પિટલ કાર્યરત થઇ જશેની જાહેરાતથી જીલ્લાવાસીઓમાં આનંદ છવાયો હતો પરંતુ જમીન ફાળવણી કર્યા પછી સિવિલ હોસ્પિટલ માટે મંજુર થયેલ જમીન આરોગ્યતંત્રએ રદ કરી અન્ય જમીન ફાળવવા મામલે મુદ્દો ગૂંચવાતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ખોરંભે ચઢ્યું હોવાની માહિતી આરોગ્ય સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી, ત્યારે વહિવટીતંત્ર દ્વારા સિવિલ હોસ્પિટલ માટે જમીન તાત્કાલિક ધોરણે ફાળવવામાં આવે જેથી જીલ્લાના પ્રજાજનોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલનું નિર્માણ ઝડપથી થઈ શકે તેવી લોક માંગણી પ્રબળ બની છે. હાલ કોરોનાની મહામારીએ મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં હાહાકાર મચાવતા ૧૪૨ લોકો કોરોનાગ્રસ્ત બન્યા છે જેમાં ૧૨ લોકોએ દમ તોડી દીધો છે. હાલ સિવિલ હોસ્પિટલના અભાવે કોરોનાગ્રસ્ત દર્દીઓને ઓક્સીજનની ઉણપ જણાતાંની સાથે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ધકેલી દેવામાં આવતાં હોવાથી લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં સિવિલ હોસ્પિટલના અભાવે મોડાસા અને વાત્રક ટ્રસ્ટની હોસ્પિટલમાં કોવીડ-૧૯ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે પરંતુ કોવીડ-૧૯ હોસ્પિટલમાં ગંભીર દર્દીઓના સારવારની કોઈ અદ્યતન સિસ્ટમ નથી કે પછી હોસ્પિટલમાં ગંભીર દર્દીઓની સારવાર માટે સારવાર આપી શકે તેવા તબીબો અને આરોગ્ય કર્મીઓની ઉણપ..!! સહીત અનેક ચર્ચાઓને યથાર્થ ઠેરાવતું હોય તેમ આરોગ્યતંત્ર કોરોના ગ્રસ્ત દર્દીઓની સ્થિતિ નાજુક થતાંની સાથે હિંમતનગર કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડવામાં આવી રહ્યા છે.

મોડાસા નજીક બાજકોટ ગામની સીમમાં જમીન ફાળવ્યા પછી આરોગ્ય તંત્રે સિવિલ હોસ્પિટલ માટે ફાળવવામાં આવેલી જમીન મોડાસા શહેરથી દૂર હોવાથી લોકોને સારવાર માટે અવર-જવરમાં તકલીફ સહન કરવી પડે તેમ હોવાથી રદ કરી દેતા સિવિલ હોસ્પિટલનું કામકાજ ટલ્લે ચઢતા વહીવટી તંત્ર તાબડતોડ સિવિલ હોસ્પિટલ માટે જમીનની ફાળવણી કરે તેવી લોક માંગ પ્રબળ બની છે. બાજકોટ નજીક ફાળવવામાં આવેલ સિવિલ હોસ્પિટલની જમીન રાજકીય દબાણવશ રદ કરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જિલ્લા સેવાસદન કચેરીની કંપાઉન્ડ વૉલને અડીને આવેલ ૧૧ એકર જેટલી સરકારી જમીન સિવિલ હોસ્પિટલ માટે ફાળવવામાં આવે તો આરોગ્ય તંત્રની સિવિલ હોસ્પિટલના નિર્માણ માટે મહોર લાગી શકે છે તેવું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહીતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લાને દરોજજો મળે ૭ વર્ષ જેટલો સમય વીત્યો હોવા છતાં પણ હજુ સુધી કહેવાતી જીલ્લા કક્ષાની પાયાની સુવિધાઓ પુરી પાડવામાં સરકાર ઉણી ઉતરી છે જીલ્લાની નબળી નેતાગીરી પણ રાજ્ય સરકારમાં રજુઆત કરવામાં નિષ્ફળ રહેતા કે પછી અરવલ્લી જીલ્લાના પ્રજાજનો સામે રાજ્ય સરકારની ઉદાસીનતા..? જેવા અનેક પ્રશ્નો લોકોમાં ચર્ચાઈ રહ્યા છે.

જીલ્લાના પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિઃશુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ અનિવાર્ય બની છે.

# પાલનપુર-આબુ હાઈવે નજીકથી મૃતદેહ મળી આવ્યો

પાલનપુર

પાલનપુર અમદાવાદ હાઈવે ઉપરથી ગુરુવારે વહેલી સવારે એક અજાણ્યા શખ્સનો માથામાં પથ્થર મારી હત્યા કરાયેલો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પોલીસે હત્યાનો ભેદ ઉકેલવા માટે તપાસ હાથ ધરી છે. પાલનપુરમાં કોરોનાના કહેર વચ્ચે ગુરુવારે વહેલી સવારે એક શખ્સનો મૂર્તદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલનપુર આબુ હાઈવે ઉપર મલાણા ગામના પાટિયા નજીક એક અજાણ્યો વ્યક્તિ પડ્યો હોવાની જાણ થતાં પ્રથમ ૧૦૮ની ટીમ તેમજ પાલનપુર પશ્ચિમ પોલિસ મથકની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ વ્યક્તિના માથા ઉપર પથ્થરનો ઘા ઝીંકી કોઈએ નિર્મમ હત્યા કરી હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે, આ વ્યક્તિ કોણ છે. તેની શા માટે હત્યા કરાઈ સહિતના રહસ્ય ઉપરથી પડદો ઉઘાડો કરવા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

